# ડાંગર સંશોધન કેન્દ્ર, આકૃયુ, ડભોઈ ખાતે ભારત સરકારની વીમા યોજના વિષે શ્રમજીવીઓને માર્ગદર્શન તેમજ તેઓનું વીમા યોજનામાં જોડાણ કરવામાં આવ્યું

ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ ખાતે ડાંગર સંશોધન કેન્દ્ર, ડભોઇ તથા સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયા, ડભોઇ બ્રાન્ચ દ્વારા સંયુક્ત રીતે તા. ૦૧-જૂન-૨૦૨૪ ના રોજ ભારત સરકારની વીમા યોજના વિષે શ્રમજીવીઓને માર્ગદર્શન તેમજ તેઓનું વીમા યોજનામાં જોડાણ કરવામાં આવ્યું. જેમા કુલ ૩૦ જેટલા કચેરીના ફાર્મ ખાતેના શ્રમજીવીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. તેમાં ભારત સરકારની બે વીમા યોજના (૧) પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના (૨) પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના ની માહિતી આપવામાં આવી તેમજ બધા શ્રમજીવીઓને આ વીમા યોજનામાં સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયા ના કર્મચારીઓ દ્વારા નોમિનેશન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં કેન્દ્રના વડા એ. જી. પંપાણીયાએ વીમા યોજના વિષે શ્રમજીવીઓએ અવગત કરાવ્યા હતા તેમજ તેનું મહત્વ સમજાવ્યુ હતું. અને આ યોજના થકી કેવા લાભ પ્રાપ્ત થાય તે વિષે વિસ્તૃત સમજ આપી હતી.






